DIVYA BHASKAR DT.16-09-2022

# ટોલટેક્સ નહિ ઘટાડાતા ટ્રાન્સપોર્ટરો વિરોધ કરશે

## આવતા સપ્તાહે અમદાવાદમાં બેઠક મળશે

ભાસ્કર ન્યૂઝ | રાજકોટ

સ્ટેટ અને નેશનલ હાઈવેના મરામત નહિ થતા 15 દિવસ પૂર્વે ટ્રાન્સપોર્ટરોએ વિરોધ નોંધાવ્યો હતો. હવે જે ટોલટેક્સનો ખર્ચ નીકળી ગયો છે આમ છતાં ત્યાં ટોલટેક્સની રકમ ઘટાડવામાં નથી આવી તેનો વિરોધ કરવાનું એલાન કરવામાં આવ્યું છે. આ અંગે આવતા સપ્તાહે અમદાવાદ ખાતે અને ત્યારબાદ મુંબઈ ખાતે એક બેઠક મળશે. જેમાં દેશભરના ટ્રાન્સપોર્ટરો જોડાશે. જો તંત્ર ટોલટેક્સ નહિ ઘટાડે તો 12 કલાક હાઈવે ચક્કાજામ કરવાની આગાહી કરી છે. આ અંગે વધુ માહિતી આપતા ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ હસુભાઈ ભગદેવે જણાવ્યું હતું કે, નિયમ મુજબ બીઓટી ટોલટેક્સમાં ખર્ચ નીકળી ગયા બાદ તેની રકમ ઘટાડી દેવાની હોય છે. આમ છતાં મહેસાણા, મુંબઈ, નવસારી જેવા હાઈવે પર હજુ ટોલટેક્સ પૂરો ટેક્સ વસૂલ કરવામાં આવી રહ્યો છે. આ અંગેનો વિરોધ કરવા માટે સૌ પ્રથમ બેઠક અમદાવાદ ખાતે મળશે. આ બેઠકમાં રાજકોટ, જામનગર, મોરબી , અમદાવાદ, વાપી સહિત રાજ્યભરના હોદેદારો જોડાશે. જેમાં લડત માટેની રણનીતિ ઘડવામાં આવશે. વિરોધ પૂર્વે રજૂઆત કરવામાં આવશે. આમ છતાં જો ટેક્સની રકમ ઘટાડવામાં નહિ આવે તો ઉગ્ર રીતે વિરોધ કરાશે. અમદાવાદમાં બેઠક મળ્યા બાદ મુંબઈ ખાતે એક બેઠક મળશે. નોંધનીય છે કે, તાજેતરમાં ખરાબ રોડ-રસ્તાને લઈને ટ્રાન્સપોર્ટ એસો. એ કલેક્ટરને રજૂઆત કરી હતી. જેમાં પોતાને પડતી મુશ્કેલી જણાવી હતી. જો રોડ-રસ્તા રિપેર નહિ થાય તો ટોલનાકે વિરોધ કરવાનું નક્કી કર્યું હતું.